## MSUમાં ૨૧ વર્ષ જૂનો અભ્યાસક્રમ બંધ નહીં કરાય

# સોશિયલ વર્ક ફેકલ્ટીમાં PGDHRMમાં ૧ જુલાઈથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરાશે

### સેનેટ સભ્ય કપિલ જોષી, શિક્ષણ સમિતિના ઉપાધ્યક્ષ હેમાંગ જોષીની રજૂઆત ફળી

। વડોદરા ।

એમએસ યુનિવર્સિટીની સોશિયલ વર્ક ફેકલ્ટી દ્વારા તેના ૨૧ વર્ષ જૂના અભ્યાસ ક્રમને બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. જે બાબતે વાઈસ ચાન્સેલરને રજૂઆત કરાઈ હતી. જે બાદ ફેકલ્ટી દ્વારા કોર્સ બંધ ન કરી તેની પ્રવેશ પ્રક્રિયા ૧ જુલાઈથી શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

સોશિયલ વર્ક ફેકલ્ટી દ્વારા તેના જુદા જુદા અભ્યાસ ક્રમમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરાયો છે. જેની જાહેરાત યુનિ.ની વેબસાઈટ પર પણ કરાઈ છે. જોકે, તેમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન એચઆર મેનેજમેન્ટનો અભ્યાસ ક્રમ જાહેરાતમાં સમાવાયો નથી. જેની તપાસ કરતાં સેનેટ સભ્ય કપીલ જોષીને અભ્યાસ ક્રમ બંધ કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું હતું. જેથી કપીલ જોષી તેમજ પૂર્વ વિદ્યાર્થી અને શિક્ષણ સમિતીના ઉપાધ્યક્ષ ડો. હેમાંગ જોષી દ્વારા વાઈસ ચાન્સેલરને રજૂઆત કરાઈ હતી. જેમાં તેમણે અભ્યાસ ક્રમ બંધ ન કરવા માગણી કરી હતી.

આ માગણી બાદ આજરોજ ફેકલ્ટીના ડીન દ્વારા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઈન એચઆર મેનેજમેન્ટનો અભ્યાસ ક્રમ બંધ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમજ તેની પ્રવેશ પ્રક્રિયા ૧લી જુલાઈથી શરૂ કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે.